'ચક દે અરવલ્લી'

# મોડાસા હાઈસ્કૂલ અંડર-૧૪ હૉકી ટુર્નામેન્ટમાં દ્વિતીય



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર શૈક્ષણિક નગરી આરોગ્ય નગરી તરીકે આગવી ઓળખ ધરાવે છે. સમગ્ર ગુજરાત રાજયમાં હૉકીની રમતમાં મોડાસાના ખેલાડીઓની આગવી પ્રતિભા છે ત્યારે ગુજરાત રાજય હોકી ખેલ મહાકુંભ અંડર-૧૪ ભાઈઓની સ્પર્ધામાં રાજયની ૬૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ટીમ રનર્સઅપ બનતા શહેર અને જિલ્લાનું નામ રોશન કર્યું હતું. વિજેતા ખેલાડીઓને સિલ્વર મેડલ પ્રમાણપત્ર તથા ૨૦૦૦ રૂા.ની રોકડ રકમ ઈનામ તરીકે આપવામાં આવી હતી. શાળા પરિવારના આચાર્ય મનીષ જોશી, ચંદ્રિકાબેન વાળંદ અને મંડળનાં પ્રમુક અમીન શાહ અને સ્ટાફ મિત્રોએ વિજેતા ખેલાડીઓ તથા કોચ પ્રકાશ કટારા અને સંજય ભોજીયાને અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં દારૂ પકડાયો : બે બુટલેગર ઝબ્બે

## ટીંટોઈ નજીક વેગન-આરમાંથી ૪૮ હજારનો ભાણમેર ગામના ડુંગરોની કોતરોમાંથી ૪.૬૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠલ જિલ્લા એસ.સી.બી. પી.આઈ અને તેમની ટીમ જિલ્લામાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની હેરાફેરી કરતાં તેમજ વિદેશી દારૂનું ગેરકાયદેસર વેચાણ કરતાં બુટલેગરો પર સખ્ત કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા એલ.સી.બી. પોલીસ શુક્રવારે બપોરે ટીંટોઈ નજીકથી વેગન-આર કારમાંથી અને ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાંથી મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બે બુટલેગરોને જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા-શામળાજી રાજય ધોરી માર્ગો પર આવેલા ટીંટોઈ ગામ નજીક જિલ્લા એસલીસીબી પોલીસની ટીમે નાકાબંધી કરી શામળાજી તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા સફેદ કલરની વેગન આર (ગાડી નં. જીજે-૦૯-બીબી- ૨૯૯૧) કારમાં પાછળની સીટોના ભાગે સંતાડેલો વિદેશી દારૂની પેટીઓ નંગ - ૧૪ કિંમત. રૂા. ૪૮૦૦૦ તથા ગાડીની કિંમત રૂા. ૨૦,૦૦૦૦ મળી કુલ ૨,૪૮,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કારચાલક સહિત ૨ આરોપીઓ ઝડપી પાડી સફળ કામગીરી બાદ ભિલોડા તાલુકાના ભાણમેર ગામની સીમમાં ડુંગરોની કોતરમાં ગેરકાયદેસર રીતે સંતાડેલો વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ પેટી નંગ-૯૨ બોટલ નંગ - ૧૧૦૪ કિંમત રૂા. ૪,૬૨,૦૦૦ નો વગર પાસપરમીટનો વેચાણ અર્થે લાવી સંતાડી રાખેલો ઝડપી પાડી વિદેશી દારૂ વેચાણ અર્થે લાવનાર બુટલેગર દિનેશભાઈ કાનજી પાંડોર (રહે. ઝાંઝરી, તા. ખેરવાડા, રાજસ્થાન) ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરની સસ્તા અનાજની દુકાન પર ડીએસઓની સર્જીકલ સ્ટ્રાઈક

## ગેરરીતિઓની આશંકાને પગલે ૯૦ દિવસ માટે પરવાના કરાયા મોકૂફ




પાલનપુર, તા.૩

બનાસકાંઠાના પાલનપુરના જનતા નગર અને ગોબરી રોડ વિસ્તાર મા આવેલી ૨ સસ્તા અનાજની દુકાનોને જીલ્લા પુરવઠા અધિકારીએ સીલ કરી બન્નેના ૯૦ દીવસ માટે પરવાના રદ કરતા કંટ્રોલ ધારકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

કાળા બજારી ને નાથવાના પગલાં ના ભાગ રૂપે જીલ્લા પુરવઠા અધિકારી અનસૂયા જહાં દ્વારા અચાનક કરાયેલા ચેકિંગમાં ૨ સસ્તા અનાજનાં દુકાનમા કાર્યવાહી કરી. પુરવઠા અધિકારી એ બન્ને દુકાનોને સીલ કરી બન્નેના પરવાના ૯૦ દીવસ માટે રદ કર્યા હતાં.પાલનપુર ના ગોબરી રોડ પર આવેલી અને જનતા નગર મા આવેલી સસ્તા અનાજ ની દુકાન નો સંચાલક એ.એચ.મદ્રાસી છેલ્લાં કેટલા સમય થી દુકાન બંધ કરી અને સ્ટોક નીલ બતાવી ૮ દીવસ માટે બહાર જતો રહ્યો હતો. જો કે, ૧૫ દીવસ બાદ પણ આ સંચાલક ન આવતાં લોકો ની રજુઆતને પગલે પુરવઠા અધિકારીએ બન્ને દુકાનો મા તપાસ હાથ ધરતા જનતા નગર ની દુકાન બંધ હાલતમા હતી અને ગોબરી રોડ પર ની દુકાનની બહારથી કેરોસીન ના ભરેલા ૫ બેરલ મળી આવ્યાં હતાં. જો કે, સંચાલક દ્વારા અગાઉ દુકાન મા સ્ટોક નીલ હોવાનું બતાવામા આવ્યુ હતુ જે ને પગલે આ કેરોસીન નો સરકારી જથ્થો કાળા બજાર મા વેચવાની આશંકા ને પગલે જીલ્લા પુરવઠા અધિકારી એ કેરોસીન નો જથ્થો સીઝ કરી જનતા નગર અને ગોબરી રોડ ની બન્ને દુકાનો ને સીલ કરી ૯૦ દીવસ માટે પરવાના રદ કર્યા હતા જો કે આ બંધ દુકાનો મા ઘઉં અને ચૉખા નો બિંનહિસાબી જથ્થો હોવાની આશંકા ને પગલે દુકાન માલિક ની હાજરી મા દુકાન ખોલી કાર્યવાહી હાથ ધરાશે તેવું જિલ્લા પુરવઠા અધિકારી અનસૂયાબેન જહાએ જણાવ્યું હતું.

પાલનપુર અને ગામડાઓના કન્ટ્રોલ મા થી સરકારી અનાજ ને સગેવગે કરી કાળા બજાર મા વેચી દેવાનું મસ મોટુ કૌભાડ ચાલી રહ્યુ હોવાની આશંકા ઓ પ્રબળ બની છે.

# ભિલોડામાં પ્લાસ્ટીકની થેલીઓ અને પ્લાસ્ટીકના કપનો નાશ કરવામાં આવ્યો

## ૫,૦૦૦/-થી વધુ પ્લાસ્ટીકના કપ અને ૧૫૦ કિલો પ્લાસ્ટીકની થેલીઆનો નાશ કરી સળગાવી દીધો વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા લાલ આંખ



ભિલોડા,તા.૨

ભિલોડામાં ઠેર-ઠેર હલકી ગુણવત્તા ધરાવતા પ્લાસ્ટીકની થેલીઓ,ચા-કોફીના કપનો બેફામ ઉપયોગ થઈ રહ્યો હતો.ગાંધીનગર સમાચારમાં સમાચાર પ્રસિધ્ધ કરાતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા ચેકીંગ ઝુંબેશ હાથ ધરાઈ હતી. વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા લાલ આંખ કરાતાં હલકી ગુણવત્તાનું પ્લાસ્ટીક વેચતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો.જાગૃત પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડામાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો.ભિલોડામાં હલકી ગુણવત્તાના પ્લાસ્ટીકની થેલીઓ અને ચા-કોફીના કપનો નાશ કરી સળગાવી દીધો હતો.૫,૦૦૦/-થી વધુ પ્લાસ્ટીકના ચા-કોફીના કપ અને ૧૫૦ કિલો પ્લાસ્ટીકની થેલીઓને સળગાવી દીધી હતી.ભિલોડા મામલતદાર જી. કે. પટેલ, ભિલોડા ટીડીઓ રાકેશભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી પી.બી.ભોઈ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા ઠેર-ઠેર હલકી ગુણવત્તા ધરાવતા પ્લાસ્ટીકના બેફામ ઉપયોગ ઉપર લગામ લગાવી દેતાં જાગૃત પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડામાં દિન-પ્રતિ-દિન હલકી ગુણવત્તાની પ્લાસ્ટીકની થેલીઓ,ચા-કોફીના કપનો બેફામ ઉપયોગ વેપારીઓ ધ્વારા આજ દિન સુધી કરાતો હતો પરંતુ ગાંધીનગર સમાચારમાં અહેવાલનો પડઘો પડતાં ભિલોડામાં ઠેર-ઠેર નાની-મોટી દુકાનોમાં હલકી ગુણવત્તા ધરાવતા પ્લાસ્ટીકની થેલીઓ,ચા-કોફીના કપ ઉપર એકા-એક પ્રતિબંધ મુંકવામાં આવતા જાગૃત ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડામાં હલકી ગુણવત્તા ધરાવતા પ્લાસ્ટીકની થેલીઓ અને પ્લાસ્ટીકના ચા-કોફીના કપ વેપારીઓ વેચતા ઝડપાશે તો વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પાલનપુર : હીરાની નગરી બની બેકારોની નગરી

## મંદીના માહોલમાં હીરા ઉદ્યોગ મૃત અવસ્થામાં : ૪૦,૦૦૦ ઉપરાંત રત્નકલાકારો બેકાર

ગાંધીનગર, તા. ૩

મંદી ના માહોલ માં બીમાર પડેલ હીરાઉધોગ હવે મૃત અવસ્થા છે તાજેતર ના સરકાર દ્વારા રૂ. ૫૦૦-૧૦૦૦ ની નોટબંધીની જનજીવન ઉપર વ્યાપક અસર થઈ છે. જ્યાં બનાસકાંઠા જિલ્લામાં હીરા ઉદ્યોગ ઠપ થઈ ગયો છે. આંગડીયા પેઢીઓ હજુ સુધી ખુલી ન હોવાથી હિરાબજાર પણ સૂમસામ ભાસી રહ્યું છે. દિવાળી પછી ૩૦૦ થી વધુ હીરા ના કારખાના બંધ હોવાના પરિણામે જિલ્લાના ૪૫૦૦૦ ઉપરાંત રત્નકલાકારો બેકાર બન્યા છે.

સરહદી બનાસકાંઠા જિલ્લો ખેતી અને પશુ વ્યવસાય પર આધારિત છે ત્યારે મંદી ના માહોલ માં વચ્ચે નોટબંધી નો આર્થિક સર્જીકલ સ્ટ્રાઈક ને લીધે જિલ્લામાં હીરા ઉદ્યોગ ઉપર પણ માઠી અસર થઈ છે. બનાસકાંઠામાં ૩૦૦ થી વધુ કારખાનાઓ આવેલા છે. આ બધા જ કારખાનાઓ કાચો માલ ન આવતો હોવાથી બંધ પડ્યા છે.બનાસકાંઠા ડાયમંડ ફેકટરી ઓનર્સ એસોસીએશનના પ્રમુખ અમરતભાઈ ફોસીએ જણાવ્યું હતું કે, 'નોટબંધીથી હીરા ઉદ્યોગની કમર તૂટી ગઈ છે. અમારા વ્યવસાયમાં ૮૦ ટકા વ્યવહાર રોકડથી થાય છે. વર્તમાન સમયે બજારમાં નાણાં નથી. જેની અસર જિલ્લાના ૪૦૦૦૦ ઉપરાંત રત્નકલાકારો ઉપર થઈ છે. પાલનપુર ઉપરાંત મુંબઈ, સુરત, નવસારી, કાઠીયાવાડ અને અમદાવાદમાં આવી જ સ્થિતિ છે.

નોટબંધીના કારણે આંગડીયા પેઢીઓ હજુ સુધી શરૂ થઈ નથી. જેથી હીરાબજારના આર્થિક વ્યવહારો અટવાઈ જતાં બજાર બંધ છે. અન્ય વેપારીઓ સાથે કોન્ટેક જળવાઈ રહે તે માટે ૨૦ ટકા વેપારીઓ હીરાબજારમાં હાજરી પુરાવે છે. નોટબંધીની હીરા બજાર ઉપર લાંબાગાળા સુધી રહેવાની શક્યતાઓ છે ત્યારે 'હીરા ઉદ્યોગ બંધ થતાં નાણાંની તીવ્ર અછત સર્જાઈ છે. કેટલાક રત્નકલાકારો પાસે તો હોસ્પિટલે જવાના નાણાં નથી. પરિવારજનોનું ગુજરાન કેમ ચલાવવું તેવા પ્રશ્નો પણ સતાવી રહ્યા છે.

# બનાસડેરીના દૂધના ટેન્કરમાંથી દૂધની ચોરી કરનાર ગેંગનો પર્દાફાશ

પાલનપુર, તા. ૩

એશિયાની પ્રથમ ક્રમાંકિત ડેરી માં સ્થાન પામનાર બનાસડેરી ના દૂધ ની ચોરી કરનાર ગેંગ નો આજે બનાસડેરી ના સ્ટાફ દ્વારા પર્દાફાશ થતા ૨ આરોપી સહીત ચોરીના માલસામાન સાથે રંગે હાથ ઝડપી છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસડેરી માં છેલ્લા કેટલાક સમય થી ચોક્કસ રૂટ પર દૈનિક દૂધ ની ઘટ પડતી હતી તેમજ દૂધ ટેન્કર સહીત ડેરી ના હેલ્પરો દ્વારા પણ સ્થાનિક સભાસદો ની ફરિયાદો હતી.જેના પગલે બનાસડેરી એ ખાનગી રહે આ બાબતો પર પોતાની ટિમો બનાવી તપાસ કરી હતી જેના પગલે એક માસ અગાઉ ધાનેરા ડીસા હાઈવે પર દૂધ ની ચોરી કીરનારા ૨ આરોપીઓની અટકાયત થઈ હતી જો કે એક માસ બાદ આજે વહેલી સવારે બનાસ ડેરી ના અધિકારીઓને મળેલી ખાનગી બાતમી ને આધારે પાલનપુર નજીક મેરવાળા સિમ માં બનાસડેરી ના ટેન્કર માંથી દૂધ ની ચોરી કરતા ૭ શખ્સો પર બનાસડેરી ના અધિકારીઓ દ્વારા રેડ કરાઈ હતી જો કે મુખ્ય આરોપી સહીત ૫ આરોપીઓ ફરાર થઈ ગયા હતા તેમજ ૨ ની અટકાયત થઈ હતી.બનાસડેરી મસ થી દૂધ ભરીને આવેલા ટેન્કર ને મેરવાળા ની સિમ માં ઉભું રાખી પાઈપ વડે દૂધ ની ચોરી કરતા હોવાનું માલુમ પડતા છાપી પોલીસ ને ૨ બોલાવી આરોપીઓને અટકાયત કરાઈ છે તેમજ આ અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે. એક તરફ બનાસડેરી માં દૂધ ની ચોરી અટકાવવા લેવા માટે સ્થાનિક અધિકારીઓ દ્વારા કડકાઈ દાખવી રહ્યા છે જે ડેરી સહિત જિલ્લાના સભાસદો માટે દૂધ માં થતી ચોરી અને ગેરરીતિ ને અટકાવવા માટે જરૂરી પગલાં સમાન બની રહયા છે

# પાલનપુરથી ઝડપાયેલા પાંચ બાંગ્લાદેશી નાગરિકોને બે વર્ષની સજા ફટકારાતાં ચકચાર

પાલનપુર, તા.૩

પાંચ માસ અગાઉ પાલનપુરના આકેસણ રોડ પરથી પોલીસના હાથે ઝડપાયેલા પાંચ બાંગ્લાદેશી નાગરિકોને આજે કોર્ટે બે વર્ષની સજા ફટકારતા ચકચાર મચી છે.

પ્રાપ્ત વિગત મુજબ પાલનપુરના આકેસણ રોડ પર બાંગ્લાદેશી નાગરિકો વગર પાસપોર્ટ રહે છે નેવી પોલીસને જાણ થતાં પાલનપુર પોલીસે તા. ૧૩-૦૬-૧૬ના રોજ દરોડો પાડી તમામ બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસ શુક્રવારે પાલનપુરની ત્રીજી એડી. કોર્ટના જજ આસીફ મેનની કોર્ટમાં ચાલી તથા સરકારી વકીલ હનીફ સિંધિની દલીલો ધ્યાને લઈને કોર્ટે ઈન્ડિયન પાસપોર્ટની કલમ ૩, ૬માં તકસીરવાર ઠેરવી તથા ફોરેનર્સ એક્ટ ૧૯૪૬ની કલમ ૩ (૧), (૨) (એ) (જી) ૧૪ મુજબ તકસીરવાર ઠેરવી તમા પાંચ બાંગ્લાદેશી નાગરિકોને બે વર્ષની કડક સજાનો હુકમ કરતા કોર્ટ પરિસરમાં સન્નાટો વ્યાપી ગયો હતો.



અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક પાલ્લા ગામે પ્રિ.ડૉ. એ.કે.પટેલની અધ્યક્ષતામાં વાલી સંમેલન યોજાતાં હાઈસ્કૂલના આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતિએ સહુને આવકાર્યા હતા. સંમેલનમાં ૪૩૮ જેટલા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા ઉપસ્થિત મહેમાનોએ આટલી મોટી સંખ્યામાં ઉત્સાહભેર વાલીઓને ભાગ લેતા જોઈ આચાર્ય અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. વાલીઓએ પણ જરૂરી સૂચનો કર્યા હતાં.

છેલ્લા એક જ વર્ષમાં

# વડાગામ વિસ્તાર જિલ્લા પંચાયતના ગામોમાં ૧.૨૦ કરોડના ખર્ચે ૭૦થી વધુનાં વિકાસ કામો મંજૂર

## જિલ્લા સદસ્ય રાજુભાઈ પટેલે વિસ્તારના સીસી રોડ, આરોગ્ય,પાણી, હવાડા, શાળા કમ્પાઉન્ડ વોલ, પાઈપ લાઈનના કામો માટે જાગૃતિ દાખવી

મોડાસા તા.૩

અરવલ્લી જિલ્લામાં વડાગામ વિસ્તારમાં જિલ્લાપંચાયતના વિવિધ ગામો માટેના સર્વાંગી વિકાસ માટે જાગૃતિ દાખવીને વિસ્તારના જિલ્લા પંચાયતના સદસ્ય અને અરવલ્લી પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેન્દ્રભાઈ જે.પટેલે એક જ વર્ષમાં રૂ.૧.૨૦ કરોડના વિવિધ ૭૦ જેટલા પ્રજાલક્ષી સામુહિક લોક કલ્યાણના કામો મંજુર કરાવી લાવી વિસ્તારના વિકાસ માટે સતત ચિંતા દાખવી રહ્યા છે. તેમણે જુદા જુદા ગામોમાં જરૂરીઆતના ધોરણે સીસી રોડ ઉપરાંત આરોગ્ય, પાણી, ગટર, હવાડા, શાળામાં કમ્પાઉન્ડ વોલ, પાઈપ લાઈનના કામો માટે માતબર રકમ મંજુર કરવા બદલ રાજય સરકારનો આભાર પણ માન્યો છે. જિલ્લા પંચાયતની ગ્રાન્ટ ફાળવવા ઉપરાંત વિસ્તારમાં રાજય સરકારમાંથી જરૂરીઆતના ધોરણે વિકાસ કામો અને આરોગ્ય વિષયક સેવાઓ માટે દવાખાનું પણ મંજુર કરી લાવતા વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી છે. ભેસાવાડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને રમોસ ગામે પશુ દવાખાનું મંજુર કરાયું છે.સીસીરોડ અને પાણી માટે પાઈપ લાઈનના કામો પણ મંજુર થતા વિસ્તારના ગામોમાં ખુશી વ્યાપી ગઈ છે.જુદા જુદા ગામોમાં શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ ઉપરાંત સ્મશાન ગૃહ અને આંગણવાડીના કામો પણ મંજુર કરાવી રાજેન્દ્રકુમાર જે.પટેલે પ્રથમ એક જ વર્ષમાં ૭૦ થી વધુ વિકાસ કામો માટે રૂ.૧.૨૦ કરોડ મંજુર કરવા માટે ભાજપની સરકારનો આભાર માન્યો છે.